# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-09-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## 71 મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં વર્ષ 2023 માટે 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા. ફિલ્મ નિર્માણ, વાર્તા કથન અને અભિનયમાં શ્રેષ્ઠતાની ઉજવણી કરવા માટે વિવિધ શ્રેણીઓમાં પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, સુપ્રસિદ્ધ મલયાલમ અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા મોહનલાલને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ સન્માન છે. શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર 'ટ્વેલ્થ ફેઇલ' ને અપાયો, જ્યારે શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો પુરસ્કાર 'કટહલ: અ જેકફ્રૂટ મિસ્ટ્રી' ને આપવામાં આવ્યો હતો.

અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ 'જવાન' માટે જ્યારે અભિનેતા વિક્રાંત મેસીને 'ટ્વેલ્થ ફેઇલ' માટે શ્રેષ્ઠ અભિનેતા શ્રેણીમાં સન્માનિત કરાયા. ફિલ્મ મિસીસ ચેટર્જી વર્સિસ નોર્વેમાં અભિનય માટે રાની મુખર્જીને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર એનાયત કરાયો. સુશ્રી મુર્મુએ અભિનેતા મોહનલાલને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા.

-----------------------------------------------------------------------------------------

## PM – સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાવા હાકલ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના લોકોને સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેને એક પ્રેરણાદાયી પહેલ ગણાવી જે સામૂહિક જવાબદારી અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે

લોકોને આવતીકાલે 25 સપ્ટેમ્બર સવારે 8 વાગ્યે સ્વચ્છતા ઉત્સવમાં જોડાવા અને શ્રમદાન કરવા વિનંતી કરી. આ દિવસ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પણ છે.

---

## સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન

રાજ્યભરમાં "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાન હેઠળ ગત છ દિવસમાં કુલ 51 હજાર 764 જેટલી આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ. દરમિયાન 28 લાખથી વધુ નાગરિકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધી આઠ લાખ 95 હજાર 613 જેટલા પ્રયોગશાળા પરિક્ષણ અને 37 હજાર 141 જેટલા એક્સ-રે રિપોર્ટ કરાયા. જ્યારે ચકાસણી બાદ 15 હજાર 118 જેટલા નાગરિકોની તપાસ બાદ તેમને સારવાર માટે રિફર કરાયા છે.

અભિયાન હેઠળ છ દિવસમાં 11 લાખ આઠ હજાર જેટલા લોકોનું હાયપરટૅન્શન, 11 લાખ 13 હજાર જેટલા લોકોનું મધુમેહ અને સાત લાખ 31 હજાર લોકોના કર્કરોગની તપાસ કરવામાં આવી. સાથે જ બે લાખ 89 હજાર લોકોની ક્ષયની ચકાસણી કરવામાં આવી. અભિયાન હેઠળ 64 હજારથી વધુ આયુષ્માન કાર્ડ પણ વિતરણ કરાયા.

---

## ઋતુ પ્રવાસી પક્ષી ગણતરી દિવસ કાર્યક્રમ

વન વિભાગ દ્વારા ઋતુ પ્રવાસી પક્ષી ગણતરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કચ્છની ધરતી પક્ષીઓ માટે અદ્ભુત વિરામ સ્થળ છે. બન્ની ગ્રાસ લેન્ડ, વેટ લેન્ડ, રણ જેવા પ્રાકૃતિક વૈવિધ્યસભર સ્થળો પર આવતા ઋતુ પ્રવાસી પક્ષીની વૈજ્ઞાનિક ઢબે ગણતરી કરવા અંગેના આ કાર્યક્રમમાં ભારતના 16 રાજ્યમાંથી 190થી વધુ પક્ષીવિદ, સ્વયંસેવકો કચ્છની ધરતી ખુંદી વળીને પક્ષી ગણતરી રજૂ કરશે. જૈવ વિવિધતા અને પર્યાવરણીય દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ જિલ્લામાં કચ્છ વન વર્તુળ વિભાગના મુખ્ય વન સંરક્ષક ડો. સંદીપકુમારે વન વિભાગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે કરાતા પ્રયાસોની માહિતી આપતાં કહ્યું કે, બન્નીમાં ચિત્તા બ્રીડિંગ

સેન્ટરથી લઇને લાઇન સફારી પાર્ક, બર્ડ કાઉન્ટ ઇન્ડિયા અને ઇ-બર્ડ જેવી નવી પદ્ધતિઓ દ્વારા મળતા ડેટા પક્ષી સંરક્ષણ અને વૈજ્ઞાનિક અભ્યાસને નવી દિશા આપશે.

---

## 19 મો પશુમળાનું આયોજન

બન્ની પંથકના પશુપાલકોના ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં 18 વર્ષથી પશુમેળાનું આયોજન કરાય છે ત્યારે આગામી 19મો પશુમેળો માલધારી ઉત્સવ તરીકે ઊજવવા હોડકો ખાતે બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠનની વાર્ષિક સાધારણ સભામાં નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સભામાં માલધારી સંગઠનના કારોબારી સભ્યો, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો અને આગેવાનો દ્વારા મંતવ્યો અને પ્રશ્નો રજૂ કરાયા હતાં. આ ઉપરાંત આગામી પશુ મેળો માલધારી ઉત્સવ તરીકે 7થી 9મી નવેમ્બર સુધી યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

---

## ગાંધીધામના બાળ રોગ નિષ્ણાતને ગોલકીપર એવોર્ડ

કચ્છમાં બાળસ્વાસ્થ્યની નાનાપાયેથી શરૂઆત કરીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચેલા ગાંધીધામના બાળરોગ નિષ્ણાત તબીબને બિલ ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ગોલકીપર એવોર્ડ એનાયત થયો છે. ગાંધીધામમાં દીપ ખાનગી હોસ્પિટલના ડાયરેક્ટર અને ઈન્ટરનેશનલ પીડિયાટ્રિક એસોસીએશનના એક્ઝિકયુટિવ ડાયરેક્ટર અને બાળસ્વાસ્થ્યના હિમાયતી નવીન ઠક્કરને સન્માનિત કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2019માં ભારતના પ્રધાનમંત્રીની નરેન્દ્ર મોદીને અને વર્ષ 2024માં રતન ટાટાને ગ્લોબલ ચેમ્પિયન એવોર્ડ તરીકે સન્માનિત કરાયા હતા. ત્યાર બાદ આ પ્રતિષ્ઠિત સન્માન ગાંધીધામના તબીબને એનાયત થયું તે કચ્છ માટે માટે ગૌરવપ્રદ બાબત છે.

---

## ક્રિકેટ

એશિયા કપની સુપર ફોરની મેચમાં ભારતનો મુકાબલો બંગલાદેશ સામે થશે. દુબઇ ખાતેની મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ગ્રુપએમાં ભારતે પાકિસ્તાન સંયુક્ત આરબ અમીરાત અને ઓમાન એમ ત્રણે દેશોની ટીમને પરાસ્ત કરી છે, જ્યારે બંગલાદેશની ટીમે ગ્રુપ બીમાં બે મેચ જીતી છે. ભારત અને બંગલા દેશ બન્નેએ સુપર ફોરમાં બે-બે પોઇન્ટ મેળવ્યા છે.

-------------------------------------------------------------------------------------